# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ચિંતન ચરણારવિંદનું

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

આખી દુનિયા સુખની પાછળ દોડે છે. પણ કોઈને સાચા સુખની પ્રાપ્તિ થતી નથી. કારણ કે સુખનું સરનામું કોઈને હાથમાં આવતું નથી. માટે સહુ દુઃખી થાય છે. એટલે જ કહ્યું છે કે -

"રાજા ભી દુઃખિયા,
રંક ભી દુખિયા ધનપતિ દુઃખિ વિકાર મે
બિના વિવેક ભેખ સબ દુઃખિયા,
સંત સુખી સંસારમેં."

આમ આ દુનિયામાં સહુ દુઃખી છે પણ એમાં જેને સુખનું સાચું સરનામું મળ્યું તે સુખી થયા. તો ચાલોને આપણે તેમને જ પૂછીએ કે અમને સુખનું સાચું સરનામું બતાવો. સુખી થયેલાએ બતાવેલું સરનામું આ પ્રમાણે છે.

સુરપુર, નરપુર, નાગપુર એ તીનમે સુખ નાહીં,
સુખ હૈ હરિકે ચરણ મેં કાં સંતન કે માંહી.

તો સાચું સરનામું મળ્યું ને ! ક્યું ? "સુખ હૈ હરિ કે ચરણ મેં" ભગવાનના ચરણોમાં સર્વ સુખ રહ્યાં છે. તો ભગવાનના એવા ચરણોનો આશ્રય તમે કર્યો છે ? ભગવાનના ચરણોના સોળ ચિન્હોનું ચિંતન કર્યું છે ? તો ચાલો ભગવાનના એ સોળ ચિન્હોનું ચિંતન કરીએ. એમાં કેવો પ્રભાવ છે, પ્રતાપ છે એ વાંચીએ અને ભગવાનના ચરણારવિંદનો આશ્રય કરી સુખી થઈએ.

**જવ** : જમણા ચરણના અંગૂઠાના મૂળમાં 'જવ' આકારનું ચિન્હ છે. તેનું ધ્યાન કરનારને અન્ન મલે છે. આત્મા-પરમાત્માનું જ્ઞાન થાય છે.

**વજ** : જમણા ચરણનાં અંગૂઠાના 'જવ'ના ચિન્હની નીચે વજ આકારનું ચિન્હ છે. તેનું ધ્યાન કરનારના અંતઃશત્રુઓ નાશ પામે છે. વજ જેટલી તાકાત આવે છે તેથી ધ્યાન કરનારના પાપરૂપી પર્વત છેદાઈ જાય છે અને સ્થિતપ્રજ્ઞ દશાને પામે છે.

**ઉધ્વરેખા** : જમણા ચરણના અંગૂઠા અને આંગળી વચ્ચેથી નિસરે છે. આ રેખા વચ્ચેથી આંટી ખાઈને પાનીની બન્ને કોરે નિસરે છે. આ રેખાનું ધ્યાન કરનાર ઉર્ધ્વગતિને પામે છે.

**જાંબુ** : જમણા ચરણના વજની નીચેના ભાગે જાંબુફળના આકારનું આ ચિન્હ છે. આ ચિન્હનું ધ્યાન કરનારનું મન માયિક પદાર્થોમાં ક્યાંય બંધાતુ નથી અને મન ભગવાનની મૂર્તિમાં સ્થિર થઈને રહે છે.

**કેતુ (ધજા)** : જમણા ચરણના તળામાં વજ, જાંબુફળ અને ઉર્ધ્વરેખાની જમણી બાજુએ કેતુ (ધજા)નું ચિન્હ છે. આ ચિન્હનું ધ્યાન કરનાર કામરૂપી શત્રુથી અને માયિક સુખના વાસના ઉપર વિજય પતાકા લહેરાવે છે.

**પદ્મ (કમળ)** : 'ધજા' ના ચિન્હની જમણી તરફ પદ્મ આકારનું આ ચિન્હ રહેલું છે. આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્ત સંસારરૂપી સમુદ્રમાં નિર્લેપ રહે છે. જેવી રીતે કમળનું ફૂલ જળની વચ્ચે રહેવા છતાં જળથી અલિપ્ત રહે છે. તેને પાણીનો પાસ લાગતો નથી તે ભક્ત સંસારમાં રહેવા છતાં ત્રિદોષથી અલિપ્ત રહે છે.

**અંકુશ** : પદ્મ આકારના ચિન્હની નીચે અંકુશ આકારનું આ ચિન્હ શોભે છે. આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્ત મનરૂપી મદોન્મત હાથીને જીતી શકે છે.

**અષ્ટકોણ** : મહારાજના જમણા ચરણની પાનીના અંદરના ભાગે આ ચિન્હ આવેલું છે. આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્ત અષ્ટયાંગયોગને સહેજે સહેજે સિદ્ધ પામે છે. અષ્ટ આવરણ ભેદીને ભગવાનના ધામને પામે છે.

**સ્વસ્તિક** : મહારાજના જમણા ચરણની પાનીની બહારની બાજુ સ્વસ્તિક આકારનું આ ચિન્હ છે. આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્તના સર્વે પાપ નાશ પામે છે. અને ભક્ત આત્યંતિક મોક્ષને પામે છે.

આમ જમણા ચરણના તળાના નવ ચિન્હનું ધ્યાન, ચિંતન કરનારને શું ફળ મળે છે તે આપણે જોયું. હવે ડાબા ચરણના ચિન્હોની વાત કરીએ.

**કળશ** : મહારાજના ડાબા ચરણના તળામાં અંગૂઠાની નીચે કળશ આકારનું આ ચિન્હ છે. આ કળશનું ધ્યાન કરનાર ભક્ત - મંદિરનું સર્વોચ્ચ સ્થાન શિખર ગણાય છે. અને શિખર ઉપર કળશ ચડે છે. તેમ ભક્ત પણ અક્ષરધામ રૂપી શિખરને પ્રાપ્ત કરે છે. કળશમાં રહેલા અમૃતની જેમ ભક્ત પણ ભક્તિરૂપ અમૃતનું પાન કરી અજરત્વ/અમરત્વને પામે છે.

**અર્ધચન્દ્ર :** ડાબા ચરણમાં ઉર્ધ્વરેખાની ડાબી બાજુએ આંગળીઓના પર્વમાં આ ચિન્હ ચળકે છે. આ ચિન્હનું ધ્યાન કરનાર - જેમ ગગનમાં રહેલા બીજનો ચન્દ્ર વૃદ્ધિ પામી પૂનમે પૂર્ણત્વને પામે છે તે ભક્ત પોતે ભક્તિમાર્ગમાં વૃદ્ધિ પામી પૂર્ણત્વને પામી અક્ષરધામને પામે છે.

**વ્યોમ (આકાશ) :** મહારાજના ડાબા ચરણના તળામાં અર્ધચન્દ્રની ડાબી બાજુએ આ ચિન્હ શોભી રહ્યું છે. આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્ત શ્રીહરિની પ્રસન્નતા મેળવી નિષ્કામાદિક ગુણ પામી આકાશની પેઠે નિર્લેપ થાય છે અને શ્રીહરિના ધામને પામે છે.

**ધનુષ્ય :** ડાબા ચરણમાં ઉર્ધ્વરેખાની ડાબી બાજુએ ધનુષ્યાકારનું આ ચિન્હ આવેલું છે. આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્ત કામાદિક શત્રુઓ ઉપર વિજય મેળવે છે.

**ગોપદ :** મહારાજના ડાબા ચરણના તળામાં ધનુષ્યાકારની ડાબી બાજુએ ગોપદ (ગાયના પગની ખરીની) આકારનું આ ચિન્હ છે. આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્ત કોઈપણ પરિશ્રમ કર્યા વિના સંસારરૂપી સમુદ્રને તરી જાય છે.

**ત્રિકોણ :** ડાબા ચરણની પાનીના અંદરની ભાગે આ ચિન્હ રહેલું છે. આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્ત સંસારના ત્રિવિધ તાપને ટાળી - ત્રિવિધ દેહનો ત્યાગ કરી બ્રહ્મમય દેહને પામી - ત્રિગુણાત્મક માયાને તરી શ્રીહરિના ચરણને પામે છે.

**મત્સ્ય (મીન-માછલી) :** શ્રીહરિના ડાબા ચરણની પાનીની બહારની બાજુએ આ ચિન્હ શોભે છે. મીન જેમ નદીના સામા પ્રવાહમાં ચાલે છે તેમ આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્તને કપરા સંજોગોમાં નિડરતાથી જીવવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

જોયું ને બાળમિત્રો ! મહારાજના આ ચિન્હોનું ધ્યાન કરનારને કેવી કેવી શક્તિ પ્રાપ્ત થાય છે. જાણ્યું ને ! આપણને આ ચિન્હો યાદ રહી જાય એટલે તો પ્રેમાનંદ સ્વામીએ ચેષ્ટાના પદોમાં રચના કરી છે. આપણે દરેક ભક્તોએ પદ મુખપાઠ કરી ચરણનું ધ્યાન કરવું.

નિષ્કુળાનંદ સ્વામીએ પણ ચિન્હ ચિંતામણીમાં ભગવાનના ચરણના સોળ ચિન્હોનો અદ્‌ભુત મહિમા વર્ણવ્યો છે. ભક્ત એ પ્રમાણે ચિન્હોનું સ્મરણ કરી સુખી બને છે.

●

**ભક્ત રક્ષા**

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

ભગવાન કોની રક્ષા કરે ? જેને ભગવાન પ્રત્યે આસ્તિક ભાવ હોય, જીવ બે પ્રકારના હોય (૧) આસ્તિક અને (૨) નાસ્તિક.

આસ્તિક એટલે શ્રધ્ધાવાળા, મુમુક્ષુ, દૈવીજીવ આ બધા શબ્દોને ''આસ્તિક'' રૂપ અપાય છે.

એવા મુમુક્ષુજીવો માટે ભગવાને પોતાનું નામ ''આસ્તિક'' પસંદ કર્યું. જનમંગલ નામાવલિમાં '૨૨ મું' નામ પ્રભુનું ''આસ્તિક'' છે.

જેને ભગવાન પ્રત્યે એવી શ્રધ્ધા હોય કે પરમેશ્વર સદા મારી રક્ષા કરે છે. મારા ઈષ્ટદેવ કાયમ મારી રક્ષા કરે છે. એનું નામ આસ્તિક ભાવ. આસ્તિકનો અર્થ એ થાય કે ભગવાન સર્વત્ર છે. અને સદા મારી રક્ષા કરે છે. આવી શ્રધ્ધા હોય એને આસ્તિક કહેવાય.

પોતાના આશ્રિતજનોની ભગવાન શું રક્ષા નથી કરતા? કરે જ છે, પણ અજ્ઞાની જીવને એ સમજાતું નથી. ''ભગવાનને આશરે રહેનારનું ભગવાન શૂળીનું દુઃખ હોય તે કાંટેથી ટાળે છે.'' શ્રીહરિનું આસ્તિક નામ ભક્તોના ઉપદેશ માટે છે. કે હે ભક્તો ! તમે આવી દૃઢ શ્રદ્ધા રાખજો અમે અખંડ તમારી રક્ષા કરીએ છીએ.

આપણા એક સંત હતા. તેમનું નામ અખંડાનંદ સ્વામી. સદાએ ભક્તિના આનંદમાં, ભજનના આનંદમાં અલમસ્ત રહેતા. માટે તેમનું અખંડાનંદ નામ સ્વામિનારાયણ ભગવાને રાખ્યું. નિડર થઈને વિચરતા, હેતથી કથા ઉપદેશ દેતા. સત્સંગ કરાવી જાણે, વાદળાં વરસાદ વરસાવીને ચાલ્યા જાય. તેમ અપેક્ષાથી રહિત અખંડાનંદ સ્વામી ચાલ્યા જતા.

અતિ વિચરણથી અનુભવ પણ ઝાઝા થાય. અજાણ્યા રસ્તા અજાણ્યા માણસો તથા અજાણ્યા ઘોર જંગલો બધી જ પરિસ્થિતિઓ સામે આવે.

એક સમયે ઘોર જંગલમાંથી પસાર થતા હતા. મહારાજના દર્શને જવું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં સત્સંગ કરાવીને પાછા વળ્યા હતા. ત્યાં તો જંગલમાં ચારવાઘ સામા મળ્યા અને ઘૂરકીયા કરવા માંડ્યા. અખડાનંદ સ્વામી ગભરાયા નહીં. નિર્ભયતાથી વાઘની સામે ઉભા રહ્યા. મનમાં વિચાર કર્યો સારું થયું ચાલો. દેહ તો ગમે ત્યારે પડે અને બધા ભેળા થઈ અગ્નિમાં સળગાવી દે. એના કરતા આ શરીરથી બિચારા ચાર પ્રાણીનાં પેટ તો ભરાશે. આ ચાર જીવડા રાજી થશે અને આપણે

સ્વામિનારાયણ ભગવાનના ધામમાં જઈશું. પરંતુ આસ્તિક નામવાળા ભગવાન સર્વત્ર નિવાસ કરીને રહ્યા છે. પરમકૃપાળુ પરમાત્માએ એ વખતે વિચાર્યું. મારા સાધુને આ ચાર વાઘ હમણાં જ પૂરા કરશે તો મને દયાળું કોણ કહેશે ? ઠાકોરજી કોઈ હથિયાર લઈને ન દોડ્યાં. સંતના હૃદયમાં ભગવાન છે. તો શું વાઘમાં નથી ? વાઘમાં પણ પ્રભુનો વાસ છે. ભગવાને વાઘની મનોવૃતિ બદલી નાંખી. વાઘ તરાપ મારવાને બદલે બાજુમાં આવી અખંડાનંદ સ્વામીના પગમાં આળોટવા માંડ્યા. પગ ચાટવા માંડ્યા અને ઉભા થઈ સ્વામીને પ્રદક્ષિણા કરવા લાગ્યા. સ્વામીએ વિચાર કર્યો, મારા વાલા બદલાઈ ગયા આ તો ! પણ એને બદલાવનારા કોણ ? સ્વામિનારાયણ ભગવાન.

જ્યારે અખંડાનંદ સ્વામી ગઢપુરમાં આવ્યા. શ્રીજી મહારાજ સન્મુખ દંડવત કરી પછી વાત કરી. ત્યારે પ્રભુએ કહ્યું, એ વાઘમાં અમે પ્રવેશ કરી તમારી રક્ષા કરી હતી. તમને વંદન કરવા અમને ક્યાંથી મળે, માટે વાઘ દ્વારા તમારા ચરણનો સ્પર્શ કર્યો, તમારી પ્રદક્ષિણા કરી. કારણ કે તમ જેવા સંતથી અનેક હૃદય શ્રદ્ધા અને ભક્તિથી સમૃદ્ધ થાય છે. માટે તમારી તો અમારે રક્ષા કરવી જોઈએને !

સજ્જનો ! ભગવાન ભક્ત રક્ષા માટે અખંડ હાજરા હજૂર છે. જ્યારે જ્યારે ભક્તને કષ્ટ આવે ત્યારે ત્યારે ભગવાન પોતાના ભક્તોની રક્ષા કરવા દોડી આવે છે. દયાનંદ સ્વામી કીર્તનમાં વર્ણવે છે કે,

જહાં જહાં ભીડ પડત ભક્તનકું તહાં તહાં હોત સહાઈ રે,
દયાનંદ કો નાથ દયાળુ, ભજો ભાવ ઉર લાઈ રે,

માટે ગમે તેવા કષ્ટમાં ભગવાનનો ભરોંસો તજાય નહી. તેવી દૃઢ શ્રદ્ધા રાખવી. કેમ કે ભગવાને પોતાનું નામ ‘‘આસ્તિક’’ રાખ્યું છે.